| Newspaper | Page No. | Date |
|---|---|---|
| Sandesh | 10 | 03-06-2014 |

# એસ્સાર ફ્રિડમ કપઃ ટીમ બરોડા ચેમ્પિયન

સુરત, તા. ૨

રવિવારે જ્યારે તમામ વિકલાંગ ખેલાડીઓ ધરાવતી ગુજરાતની ચાર વિવિધ ટીમો સુરતમાં પ્રથમવાર નોકઆઉટ ફોર્મેટમાં રાંદેરના ભાણકી સ્ટેડિયમમાં ટકરાઈ ત્યારે ઈતિહાસ સર્જાયો હતો. સમગ્ર એક દિવસીય ટૂર્નામેન્ટ એસ્સાર ફ્રિડમ કપ-વિકલાંગો માટેનો ક્રિકેટ ઉત્સવનું આયોજન એસ્સાર સ્ટીલ ઈન્ડિયા લિમિટેડ હજીરા અને એસ્સાર ફાઉન્ડેશન દ્વારા વિકલાંગ કલ્યાણ સોસાયટી ટ્રસ્ટ, સુરતના સહયોગથી કરવામાં આવ્યું હતું. રંગીન ટ્રેક સ્યુટમાં સજ્જ વિકલાંગ ખેલાડીઓને સામાન્ય ક્રિકેટર્સની જેમ જ જોરદાર ફટકાબાજી કરતા, એક જ હાથે તોતિંગ છગ્ગા ફટકાર ફટકારતા અને અદભૂત કેચ કરતા નિહાળીને પ્રેક્ષકો દંગ રહી ગયા હતા. ગુજરાત, સૌરાષ્ટ્ર, સુરત અને વડોદરા એમ ચાર ટીમોમાંથી ટીમ વડોદરા ઝળકી હતી અને ફાઈનલમાં



સૌરાષ્ટ્રને હરાવીને ચેમ્પિયન બની હતી. એસ્સાર સ્ટીલ ઈન્ડિયા લિમિટેડ, હજીરાના વાઈસ પ્રેસિડેન્ટ (એડમિન- સીએસઆર) સુનિલ રાલ્ફે જણાવ્યું કે વિકલાંગો આગળ આવે તે માટે તેમને પ્રસ્તુત તકો પૂરી પાડવાનું મહત્વ એસ્સાર સ્વીકારે છે.